જાણકારી નં. ૮ તા. ૧૧/૦૭/૧૭

NCTE આપશે B.Ed. કોલેજ ને પરફોર્મન્સ ગ્રેડ

મૂલ્યાંકનની કામગીરી હવે નેકના બદલે એનસીટીઈ ક્યુસીઆઈ પાસે કરાવશે, ડી ગ્રેડ મળ્યે માન્યતા ખતમ

NCTE આપશે બી.એડ.કોલેજોને પરફોર્મન્સ ગ્રેડ

15 જુલાઈથી નવી ગાઈડલાઈનનો અમલ શરૂ કરાશે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન 59 કોલેજોમાંથી ઉઠતો વિરોધનો વંટોળ

નિરોહ વેદ | રાજકોટ

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન(એનસીટીઈ) દ્વારા 15 જુલાઈથી બી.એડ. કોલેજો માટે નવી ગાઈડલાઈન જારી કરી છે જેના પગલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન 59 જેટલી બી.એડ. કોલેજોના સંચાલકોમાં ખળભળાટ મચી ગયો છે. એનસીટીઈ દ્વારા બી.એડ. કોલેજોના મૂલ્યાંકન માટે તૈયાર કરાયેલી નવી ગાઈડલાઈનમાં સખત માપદંડ નક્કી કરવામાં આવ્યા છે જેની હેઠળ હવે એનસીટીઈ દ્વારા બી.એડ.કોલેજોનું મૂલ્યાંકન નેકના બદલે ક્વોલિટી કન્ટ્રોલ ઓફ ઈન્ડિયા(ક્યુસીઆઈ) પાસે કરાવવામાં આવશે અને ગ્રેડિંગ નક્કી કરવામાં આવશે. એનસીટીઈ દ્વારા કોલેજોને રજિસ્ટ્રેશન માટે 15 જુલાઈ સુધીની જ મુદત આપવામાં આવી છે જેનો વિરોધ પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ.કોલેજો સહિત રાજ્યભરની કોલેજોમાંથી ઉઠ્યો છે અને મોટાભાગની કોલેજોના સંચાલકો દ્વારા સાઈટ ખૂલતી ન હોવાની સહિતની અનેક ફરિયાદો ઉઠાવવામાં આવી છે.

ભાસ્કર એક્સક્લુઝિવ

એનસીટીઈ દ્વારા અચાનક જ ચેકિંગ કરાશે અને દસ્તાવેજની સાથોસાથ ભવન, ક્લાસરૂમ, ફેકલ્ટી, પુસ્તકોની સુવિધા સહિતની ચકાસણી કરવામાં આવશે. જે કોલેજોને ચકાસણીમાં ડી ગ્રેડ મળશે તેને ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીઓ ફાળવવામાં નહીં આવે એટલે આપોઆપ તેની માન્યતા ખતમ થઈ જશે, જ્યારે સી ગ્રેડ મેળવનારી કોલેજોને દર વર્ષે મૂલ્યાંકન કરાવવાનું રહેશે.

પાંચ વર્ષ માટે ગ્રેડ લીધા બાદ ફરી મૂલ્યાંકન શા માટે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. જનકભાઈ મકવાણાએ એનસીટીઈની સિસ્ટમ સામે એવો સવાલ ઉઠાવ્યો છે કે, એનસીટીઈની ગાઈડલાઈન મુજબ અગાઉ જે કોલેજોએ નેકનું પાંચ વર્ષ માટે મૂલ્યાંકન કરાવ્યું છે તેમાં ફરી મૂલ્યાંકન કરાવવાનું કારણ શું, નેક દ્વારા એનસીટીઈની 2014ની ગાઈડલાઈન મુજબ જ ગ્રેડ આપવામાં આવ્યા છે ત્યારે આ પ્રક્રિયાથી કોલેજ સંચાલકોની હાલાકી વધશે.

માહિતી [illegible]

10 ગુણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે

20 ગુણ એકેડેમિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે

30 ગુણ ટીચિંગ અને લર્નિંગ ક્વોલિટી માટે

40 ગુણ સ્ટુડન્ટ લર્નિંગ આઉટકમ માટે

રેન્કિંગ અને માન્યતાના ધારાધોરણ

'એ' ગ્રેડ રેન્કિંગ માટેના માપદંડો

સંસ્થાના 70 ટકા વિદ્યાર્થીઓ ટેટની પરીક્ષામાં પાસ થયા હોવા જોઈએ અને હાયર એજ્યુકેશનમાં નોકરી મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા 65 ટકાથી ઓછી ન હોવી જોઈએ. આવી સંસ્થાને જ 'એ' ગ્રેડ રેન્કિંગ મળશે અને તેમણે દર પાંચ વર્ષે મૂલ્યાંકન કરાવવાનું રહેશે.

'બી' ગ્રેડ રેન્કિંગ માટેના માપદંડ

જે સંસ્થા લેન્ડ, બિલ્ડિંગ, ફેકલ્ટી અને ફેકલ્ટીની ક્વોલિફિકેશનના ધારાધોરણ ફુલફિલ કરતી હશે તેનો સમાવેશ 'બી' ગ્રેડમાં કરાશે અને બી ગ્રેડનું રેન્કિંગ મેળવનારી કોલેજોએ દર બે વર્ષે એનસીટીઈનું મૂલ્યાંકન કરાવવાનું રહેશે.

'સી' ગ્રેડ રેન્કિંગ માટેના માપદંડ

જે સંસ્થા લેન્ડ, બિલ્ડિંગ, ફેકલ્ટી અને ફેકલ્ટી ક્વોલિફિકેશન ધરાવતી હોય પણ તે મૂલ્યાંકનના ચારેય તબક્કામાં નબળો દેખાવ કરે તેને એનસીટીઈ દ્વારા 'સી' ગ્રેડ રેન્કિંગ આપવામાં આવશે અને 12 માસ બાદ ફરી રૂ.1.50 લાખ ફી લઈ ઈન્સ્પેક્શન કરાશે.

'ડી' ગ્રેડ રેન્કિંગ ધરાવતી સંસ્થા

જે સંસ્થા ઈન્સ્પેક્શન દરમિયાન લેન્ડ, બિલ્ડિંગ, ફેકલ્ટી, ફેકલ્ટી ક્વોલિફિકેશનના ધારાધોરણનું પાલન કરવામાં નિષ્ફળ રહી હોય તેને 'ડી' ગ્રેડ અપાશે અને તેને વિદ્યાર્થીઓ ફાળવવામાં નહીં આવે.

સોગંદનામા કરાવાયા, 1.50 લાખ ઈન્સ્પેક્શન ફી

એનસીટીઈએ નવી પ્રક્રિયાની જાણકારી દીધા વગર પહેલેથી બી.એડ. કોલેજોમાં સોગંદનામા કરાવી લીધા હતા જેમાં કોલેજ ભવન, સ્થાન, ટીચિંગ સ્ટાફ, સહિતની વિગતો અપલોડ કરાઈ છે. ટીચર્સ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટે પોતાની સંસ્થામાં મૂલ્યાંકન માટે રૂ.1.50 લાખ ઈન્સ્પેક્શન ફી ભરવાની રહેશે. નેકનું ઈન્સ્પેક્શન થયાને પાંચ વર્ષ ન થયા હોય તો રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

નોંધ :– (પ્રાપ્તિ સ્થાન:– દિવ્યભાસ્કર, તા. ૧૧/૦૭/૧૭) મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૮), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)